નમસ્કાર,

આપણા જીવનમાં કૃત્રિમતાનો પ્રવેશ દિવસે દિવસે વધુને વધુ થઇ રહ્યો છે અને હવે આપણે આ દિશામાં એટલા આગળ વધી ગયા છે કે પાછું વળવું કદાચ અશક્ય છે ત્યારે આપણે આપણી પ્રવૃતિઓને શક્ય એટલી પ્રકૃતિમય બનાવીએ તે ખૂબ જ જરૂરી થઇ પડ્યું છે જેથી થઇ રહેલા નુકશાનમાં ઘટાડો કરી શકાય. જેના માટે તમારે કુદરતને જોવી, સમજવી અને નજીકથી જાણવી રહી, જેથી જાણી શકાશે કે આપણી પ્રવૃતિઓથી શું, કેટલુ, ક્યારે, કેવી રીતે અને કેવું નુકશાન કે ફેરફાર થઇ રહ્યો છે. આપણા વાર-તહેવારોની ઉજવણીમાં પણ એટલી બધી કૃત્રિમતા, દેખાદેખી અને અવિચારીપણું આવી ગયું છે કે આપણે આપણા સિવાયના કુદરતી વિશ્વને ભૂલી ગયા છીએ. આપણી અવિચારી જીવનશૈલી આપણા નૈસર્ગિક વારસા માટે ભયરૂપ બની રહી છે.

આજના આધુનિક જમાનામાં આપણી દૈનિક જીવનચર્યા આધુનિકતાના નામે વધુને વધુ કુદરત થી વિમુખ બનતી જાય છે. જેના કારણે સવારના ટૂથબ્રશથી શરૂઆત કરીને રાત્રિ સુધીની દરેક પ્રવૃતિ ક્યાંક ને ક્યાંક પર્યાવરણને જોખમરૂપ બનતી જાય છે. આધુનિક જીવનમાં વિવિધ પ્રકારની પ્લાસ્ટિક ની ચીજવસ્તુઓનો ઉપયોગ વધુને વધુ થઇ રહ્યો છે. "Use and Throw" પ્રકારની ઉપભોગતાના વકરી રહેલા વલણને કારણે આપણે ફેકી દીધેલ પ્લાસ્ટિક ની ચીજ ક્યા જાય છે અને કેવી સમસ્યાઓ પેદા કરે છે તેનાથી સામાન્યજન અજાણ છે અને તે જાણવા પ્રયત્ન કરતા નથી. પણ આપણુ આ વલણ એક ખુબ જ વિનાશકારી સમસ્યા ધારણ કરી રહી છે. આપણી આજની અવિચારી ભૂલ નિર્દોષ પશુ-પક્ષીના જીવનને નુકશાન તો કરી જ રહી છે પણ જળ-જમીનના પ્રદૂષણને અકલ્પ્ય ઝડપથી વધારી રહી છે. અને તે પણ એવુ પ્રદૂષણ કે જે આવનારી અનેક પેઢીઓને પણ કોઇપણ ગુના વગર નડતુ રહેશે. તો બસ એક જવાબદાર અને જાગૃત નાગરિક તરીકે આપણે આ સમસ્યાને હળવી બનાવવા કે વધુ વકરતી અટકાવવા પ્રયત્નશીલ બનીએ. વધુ તો કાઇ નહિ પણ આપણી આસપાસ આ પ્રદૂષણ અટકે અને વધુ ને વધુ નાગરિકો આપણી જેમ આ સમસ્યાને જાણે અને સમજે તેવા પ્રયત્નો કરીએ.

આવા જ એક પ્રયત્ન રૂપે "International Coastal Cleanup (ICC) – 2012"થી પ્રેરિત થઇ,
જીવન જ્યોત કેન્દ્ર દ્વારા "સ્વચ્છ સાગર - ૨૦૧૨" નુ આયોજન કરાયેલ છે.

સ્વચ્છ સાગર - ૨૦૧૨

તા. 15-9-2012 થી 02-10-2012 દરમિયાન આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ "International Coastal Cleanup (ICC) – 2012 " નું આયોજન કરેલ છે. તો ભાગ લેવા ઇચ્છતા દરેક મિત્રોને આમંત્રણ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા સ્વૈચ્છિક સ્વયંસેવકો ને અમે આવકારીએ છીએ.

સ્વચ્છ સાગર - ૨૦૧૨ એ કોઇ એક સંસ્થાનો નહિ પણ આપણા સૌ નો સહિયારો કાર્યક્રમ છે અને આપ સૌના સહકારથી આપણે આ કામગીરી સારી રીતે કરી શકીશું.

કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છનાર દરેક વ્યક્તિ માટે જરૂરી સૂચનો આ મુજબ છે.

1. આ કાર્યક્રમ સ્વૈચ્છિક કામગીરીનો છે એટલે આપણે સૌ સમાન સ્તરની જવાબદારી સ્વીકારી નિઃસ્વાર્થ પણે ભેગા થઇ કામ કરીશું.
2. આ કોઇપણ સામાજીક કે રાજકીય સંસ્થાનો કાર્યક્રમ નથી પણ આપણા જેવા પ્રકૃતિપ્રેમી અને પર્યાવરણ માટે જાગૃત એવા નાગરિકોનો સહિયારો કાર્યક્રમ છે.
3. કોઇપણ પકૃતિપ્રેમી કે પર્યાવરણ અંગે જાગૃતતા ધરાવનાર નાગરિક સ્વજોખમે, સ્વખર્ચે અને નિઃસ્વાર્થભાવે આ કાર્યક્રમમા ભાગ લઇ શકે છે.
4. કાર્યક્રમમા આપણે સૌ સ્વયંસેવકો નક્કી કરેલ સમય દરમિયાન હાજર થઇ રજીસ્ટ્રેશન કાઉન્ટર પર રજીસ્ટ્રેશન કરાવી લઇશું.
5. સ્વચ્છતાની કામગીરી રૂપે આપણે નદીકિનારા પર જમા થયેલ વિવિધ પ્રકારનો Non Biodegradable કચરો જેવો કે પ્લાસ્ટિક બોટલ, બેગ, પાઉચ, ફૂડ પેકિંગ, ટીન, કાચના ટુકડા વગેરે એકત્રિત કરીશું અને ડેટાશીટમાં રેકોર્ડ રાખીશું.
6. સ્થાનિક ફેરિયા અને દુકાનદારોને આ કચરા અંગે જાણકારી આપી વધુ કચરો જમા ન થાય તે માટે કાળજી લેવા સમજાવીશું.
7. શક્ય હોય ત્યા સુધી પગમા બૂટ (સેફટી શૂઝ હશે તો વધુ અનૂકુળ પડશે) પહેરવા વિનંતી.
8. પોતાની સાથે પીવા માટે સ્વચ્છ પાણીની બોટલ અને ચા પીવા માટે ગ્લાસ/મગ/કપ લાવવા મહેરબાની કરશો.
9. તે દિવસે વરસાદની શક્યતા લાગતી હોય તો છત્રી કે રેઇનકોટ રાખશો તો વધુ અનૂકુળ રહેશે.
10. ભારે વરસાદનો દિવસ હશે કે કોઇ અનિવાર્ય સંજોગોમાં, કાર્યક્રમ પછીના રવિવાર સુધી મુલતવી રાખીશું અને તેવા સંજોગોમાં શક્ય એટલા વધુ મિત્રોને એસ.એમ.એસથી જાણ કરીશું.
11. સાથે મોટો સ્વચ્છ હાથરૂમાલ રાખવા વિનંતી, જરૂર પડ્યે મ્હો પર માસ્ક તરીકે બાંધી શકાય.

કાર્યક્રમની સફળતા માટે આપના અમૂલ્ય સમય, નિઃસ્વાર્થ સેવા અને સહકારની અપેક્ષા સહ.

મિતેશ દવે

જીવન જ્યોત કેન્દ્ર

210 Indralok Arcade, Near Talav Gate, Junagadh 362 001.
M: 98254 33144, email: jeevanjyotkendra@yahoo.com